અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૭૬ દિનાંક : ૧૫.૫.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## વિશ્વ સંવાદ કેન્દ્ર-ગુજરાત દ્વારા નારદ જયંતીની ઉજવણી પત્રકાર સન્માન સમારંભ

વિશ્વ સંવાદ કેન્દ્ર-ગુજરાત દ્વારા પરંપરાગત પ્રણાલી પ્રમાણે 'દેવર્ષિ નારદ જયંતી' યોજાઈ જેમાં વિવિધ ક્ષેત્રના પત્રાકરોનું સન્માન થયું હતું. આ સમારંભનું અધ્યક્ષ સ્થાન ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શોભાવ્યું હતું જ્યારે અતિથિ વિશેષ પદે ડૉ. શ્રી જયંતિભાઈ ભાડેસીયા (પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ) હતા. તા. ૨૯-૪-૨૦૧૮ રવિવારે, ઓડીટોરિયમ, ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ખાતે આ પત્રકાર સત્કાર સમારંભ યોજાયો હતો. પત્રકારત્વના ક્ષેત્રમાં વિશેષ પ્રદાન માટે શ્રી જપનભાઈ પાઠક, દેશગુજરાત.કોમ (સાયબર જર્નાલીઝમ), સુશ્રી આરતીબેન પટેલ, ૯૪.૩ માય એફ.એમ. (રેડીયો જર્નાલીઝમ), શ્રી કૌશિક મહેતા, તંત્રીશ્રી ફૂલછાબ (પ્રિન્ટ મિડિયા), શ્રી નિર્ણય કપૂર, સબ એડીટર ઇન્ડિયા ટીવી (ઈલેક્ટ્રોનિક મિડિયા)ને સન્માનતિ કરવામાં આવ્યા હતા. શ્રી નગેન્દ્ર વિજય (સફારી મેગેઝીન) તથા શ્રી ઝવેલીલાલ મહેતા, ફોટો જર્નાલિસ્ટ (ગુજરાત સમાચાર)ને વિશેષ સન્માન (લાઈફ ટાઈમ એચિવમેન્ટ)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અતિથિ વિશેષ ડૉ. ભાડેસીયાએ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપણા શાસ્ત્રોમાં દરેક ક્ષેત્રના આદિ ગુરુનો ઉલ્લેખ છે. જેમ કે કૃષિના ક્ષેત્રમાં શ્રી બલરામ, વિદ્યાના ક્ષેત્રમાં સરસ્વતીજી છે. તે પ્રમાણે પત્રકારત્વના ક્ષેત્રમાં આદિ ગુરુ દેવર્ષિ નારદ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે આદિ ગુરુઓને સ્વીકાર્યા છે. આપણે આ આદિ ગુરુઓની પ્રેરણાથી તેમના ચીંધ્યા માર્ગથી સમાજને માર્ગદર્શન કરવાનું છે.

અધ્યક્ષીય પ્રવચનમાં મુખ્યમંત્રી શ્રી રૂપાણીજીએ સન્માનિત પત્રકારોને અભિનંદન આપ્યા હતા. તેમણે વિશેષમાં જણાવ્યું કે વિશ્વ સંવાદ કેન્દ્ર-ગુજરાતની આ પરંપરા 'દેવર્ષી નારદ જયંતી'ની ઉજવણીમાં ઉપસ્થિત રહેવાનું જે સૌભાગ્ય મળ્યું તેનાથી આનંદ છે. આપણો દેશ, વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. મિડિયાએ નિરપેક્ષ ભાવથી પોતાનું કાર્ય કરવું જોઈએ. મિડિયાના મિત્રો માટે મહર્ષિ નારદનું જીવન એક આદર્શ છે. રાજ્ય સરકાર વતી વિશ્વ સંવાદ કેન્દ્રને અભિનંદન આપતા શ્રી રૂપાણીજીએ કહ્યું કે લોકો સાથેનો સંવાદ, વિકાસના માર્ગ તથા તેની ફલશ્રુતિ માટે મહત્વનું અંગ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ વર્ષોથી રાષ્ટ્રહિતનું ચિંતન કરે છે. આ સંગઠન વિશ્વનું સૌથી મોટું આદર્શ સંગઠન છે તેમાંથી સૌએ પ્રેરણા મેળવવાની છે. સમાજ સેવા તથા સમાજનું હિત આપણા જીવનની પ્રાધાન્યતા છે. ગુજરાતમાં જળ સંચય તથા જળસંકટ નિવારણનું કામ ગુજરાત સરકારે ઉપાડ્યું છે તેમાં સૌ ભાગીદાર થાય તથા પોતાનું યોગદાન આપે તે જરૂરી છે. મિડિયા સાથેનો સંવાદ થવો જોઈએ. મિડિયા લોકહિત માટે મહત્વનું અંગ છે.

કાર્યક્રમની શરૂઆતમાં વિશ્વ સંવાદ કેન્દ્રના ટ્રસ્ટી તથા સૂત્રધાર શ્રી હરેશભાઈ ઠક્કરે વિ. સં. કેન્દ્રની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો તથા સૌનું સ્વાગત કર્યું હતું. વિશ્વ સંવાદ કેન્દ્રની ટીમે શ્રી વિજયભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. શ્રી અભિમન્યુ સમ્રાટે મંચસ્થ મહાનુભાવોનો પરિચય કરાવ્યો હતો. ઉદ્‌ઘોષક તરીકે શ્રી પાર્થભાઈ પંડ્યાએ સમારંભને જીવંત રાખ્યો હતો. સમારંભમાં સંઘના વરિષ્ઠ પ્રચારક શ્રી મુકુંદરાવ દેવભાણકર તથા સંઘના સ્વયંસેવકો, પત્રકાર જગતના મિત્રો, સંઘ સંલગ્ન વિવિધ સંગઠનોના મહાનુભાવો, પત્રકારો, વિવેચકો, કટાર લેખકો, મિડિયાના વિવિધક્ષેત્રના કાર્યકરમિત્રો ઉપસ્થિત હતા. પ્રેસ ફોટોગ્રાફર મિત્રોએ કાર્યક્રમનું સુંદર અંકન કર્યું હતું.

## જનતાને જનતાની ભાષામાં જ ન્યાય મળવો જોઈએ : મોહન ભાગવત

દિલ્હીના કેદારનાથ સાહની સભાગૃહમાં શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા ત્રણ દિવસનો જ્ઞાનોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિપદે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવત હતા. તેઓશ્રીએ 'જનતા કો જનતા કી ભાષા મેં ન્યાય' વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું કે આઝાદીની લડાઈમાં બિરસા મુંડાનું જેલમાં શંકાસ્પદ મૃત્યુ થયું હતું. તેમની સાથેના ૨૪૧ મુંડાવી બોલી બોલનાર ક્રાંતિકારીઓને કોઈ ભાષાંતરકાર ન મળવાથી ઉમર કેદની રજા થઈ હતી. પણ આ અંગ્રેજોનું રાજ્ય હતું. હવે તો આપણે સ્વતંત્ર થયા છીએ. ન્યાય પ્રણાલીમાં ન્યાય આપનારે ન્યાય મેળવનારને તેની માતૃભાષામાં સાંભળી ન્યાય આપવો જોઈએ. જનતાને જનતાની ભાષામાં ન્યાય આપવો જોઈએ. તેમણે આહવાન કર્યું કે આપણે જે તે પ્રાદેશિક ભાઈઓને તેમની ભાષામાં સાંભળવા પડશે. સ્વભાષી લોકો સાથે માતૃભાષામાં જ વાત કરવી જોઈએ. વિવિધ પ્રદેશના લોકોની લાગણીઓ તેમની માતૃભાષામાં જ સારી રીતે પ્રગટ થતી હોય છે.

શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સંયોજક અતુલ કોઠારીએ જણાવ્યું કે ધારા ૩૪૮-૨માં પ્રાધાન્ય છે કે ન્યાયાલયોમાં અંગ્રેજીની સાથે - સાથે હિન્દીમાં પણ ન્યાયનો ફેસલો આપવાની ઉપલબ્ધિ હોવી જોઈએ. પણ દેશમાં ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન આ ચાર રાજ્યો સિવાય અન્ય રાજ્યોમાં આનું પાલન થતું નથી. જો ભાષાને સંસદમાં પોતાની ભાષામાં રૂપાંતર કરવાની યાંત્રિક વ્યવસ્થા હોય તો ન્યાયાલયમાં કેમ નહિ ? તેમ જણાવી શ્રી કોઠારીએ દેશની ન્યાય પ્રણાલી સામે સવાલ કર્યો હતો. ન્યાય ૧૩૦ કરોડની જનતા માટે છે કે માત્ર ૨૦૦-૩૦૦ ન્યાયાધીશો માટે છે ? તે આપણે વિચારવું પડશે. પાંચ રાજ્યોમાં ન્યાયાધીશ રહી ચુકેલા ન્યાયમૂર્તિ કોહલીએ પણ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે જો આઈએએસ અધિકારીઓ સ્થાનિક ભાષા શીખી શકે છે તો ન્યાયાધીશો કેમ નહિ ? ભાષાને સમજ્યા વિના સ્થાનિક લોકોની ભાષાઓ સમજવી તથા ન્યાય આપવાની જવાબદારી ન્યાયાધીશોએ ઉપાડવી પડશે. આ જ્ઞાનોત્સવમાં અધિવક્તા પરિષદના અધ્યક્ષ જયદીપ રાય સહિત મોટી સંખ્યામાં ન્યાયવિદ, શિક્ષાવિદ તથા બુદ્ધિજીવીઓ ઉપસ્થિત હતા.

## તામિલનાડુના એક મંદિરમાં દલિતને ખભા પર બેસાડી વરઘોડા સાથે દર્શન કરાવવાની અનોખી પરંપરા

સનાતન ધર્મમાં સામાજિક સમરસતા હોવાનો આધાર-પુરાવો તામિલનાડુના એક મંદિરમાં જોવા મળ્યો છે. સનાતન ધર્મમાં કોઈપણ પ્રકારનો જાતિભેદ નથી. ઈશ્વરના દરબારમાં બધા સમાન છે. હૈદરાબાદ - શ્રી રંગનાથ મંદિરના પૂજારી સી. એસ. રંગરાજન ૨૫ વર્ષના દલિત યુવક આદિત્યને પોતાના ખભા પર બેસાડી મંદિરના ગર્ભગૃહ સુધી દર્શન માટે લઈ ગયા હતા. આ પ્રસંગે જયકારની ગુંજ, ફૂલોની સજાવટ તથા વૈદિકમંત્રો અને વાજિંત્રોના સૂરોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. શ્રી રંગરાજને જણાવ્યું કે આ અમારી ૨૭૦૦ (સત્તાવીસો) વર્ષ જૂની પરંપરા છે. જેને તામીલનાડુના લોકસારંગ નામના સંતે શરૂ કરી હતી. તેમણે સમાજમાં ભગવાનનો દરબાર સૌના માટે હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સનાતન ધર્મનો સાચો સંદેશ સમાજને મળ્યો હતો. આ પ્રસંગે અનેક મંદિરના મહંતો પુજારીઓ તથા તેલંગાણા સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

## પરદેશમાં દવાઓ મોકલનાર દેશોમાં વિશ્વમાં ભારત સૌથી મોટો દેશ છે.

ભારતે દવાઓ અંગેના સંશોધન તથા ઉત્પાદનમાં વિશ્વમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત દેશ ૨૦૦થી પણ વધુ દેશોને તેની વિશ્વના દેશોની સાપેક્ષે સસ્તી દવાઓ પહોંચાડે છે. ૨૦૧૬-૧૭માં દેશે ૧૬.૮ બિલિયન યુ.એસ. ડોલરનો વેપાર કર્યો હતો. જે આગામી ત્રણ વર્ષમાં ૩૦ ટકા વધે તેવી સંભાવના છે. ૧૯૩૨માં હિન્દુ બનારસ યુનિવર્સિટીમાં ફાર્મા એજ્યુકેશનનો પ્રારંભ થયો હતો. દેશમાં ફાર્મા એજ્યુકેશન તથા ફાર્મા ઇન્ડસ્ટ્રીઝનો વ્યાપ વધ્યો છે. ભારત જેનરિક મેડિસિન એક્સપોર્ટ કરતો વિશ્વનો સૌથી મોટો દેશ છે.

## મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં દેશના ગુરુકુલોના સંચાલકોનું સંમેલન યોજાયું

ભારતીય શિક્ષણનો મૂળ આધાર તેની પ્રાચિન ગુરુકુલ શિક્ષણ પદ્ધતિમાં જોવા મળે છે. દેશમાં હાલમાં ૯૦૦ (નવસો) ગુરુકુલો કાર્યરત છે. જે દેશની મૂળ શિક્ષણ

પ્રણાલીના પુનરોત્થાન માટે પ્રયત્ન કરે છે. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આ ગુરુકુલોના સંચાલકોનું સંમેલન યોજાયું હતું. દેશની શિક્ષણ પ્રણાલીને તેના મૂળ સ્વરૂપમાં લાવવા આ સંચાલકો પ્રયત્ન કરે છે. અંગ્રેજોની મેકેલો પદ્ધતિના ઢાંચાની ઘરેડમાંથી શિક્ષણ વ્યવસ્થાને બહાર લાવવા શું ? શું કરી શકાય તેનું ચિંતન તથા માર્ગદર્શન આ સંમેલનમાંથી મળે છે. કેન્દ્રના માનવ સંસાધન ખાતાના પ્રધાન પ્રકાશ જાવડેકર પણ આ સંમેલનમાં ઉપસ્થિત હતા. દેશમાં દેશભક્ત શિક્ષણવિદોની આવશ્યકતા હોવાનું સંમેલનમાં સૂચન થયું હતું. આ સંમેલનમાં અમદાવાદ-સાબરમતીના ગુરુકુલમ્‌ને આદર્શ ગુરુકુલમ્‌નું બહુમાન મળ્યું હતું.

## જૈન ફિલોસોફીમાં શ્રદ્ધા ધરાવતા ૧૨૦૦ જાપાનીઓ શાકાહારી બન્યા

જાપાનમાંથી પ્રતિવર્ષ ઘણા નાગરિકો ગુજરાતના હસ્તિનાપુર, પાલિતાણા અને શંખેશ્વર વગેરે જૈનતિર્થોની મુલાકાત લે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૮ વર્ષના બાળકથી માંડી ૩૦ વર્ષના યુવાનોએ ૧૨૦૦ની સંખ્યામાં જૈન ધર્મની વરસી તપના પારણા અને દીક્ષા મહોત્સવમાં ભાગ લીધો હતો. તેમણે જૈન ધર્મના નિયમોનું પાલન કરવાનું વ્રત પણ લીધું હતું. જૈન ધર્મની ફિલોસોફીમાં શ્રદ્ધા રાખી નવકાર મંત્રોનું ઉચ્ચારણ પણ કર્યું હતું. ભારતીય મૂળના જાપાની નાગરિક તુલસીએ જૈન તિર્થોની યાત્રાથી પરમશાંતિ મળે છે તેમ જણાવ્યું હતું. જૈન તિર્થોની મુલાકાતે આવેલ જાપાની મહિલાએ જણાવ્યું હતું કે અમારા પરિવારો માંસાહારી હતા. હવે તેમણે માંસાહાર છોડી સંપૂર્ણ શાકાહારને અપનાવ્યું છે. તેઓએ વ્રત લીધું છે કે જીવનમાં માંસ-મદિરાનો ત્યાગ કરવો. આમ કરવાથી જીવનમાં શાંતિ, સંયમ અને સદાચારની ભાવના પ્રગટે છે.

## ભારતીય સિનેમાએ દેશની સંસ્કૃતિને વિશ્વમાં ફેલાવી છે - રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

નવી દિલ્હી વિજ્ઞાન ભવનમાં ભવ્ય ડપમો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ યોજાયો હતો. સમારંભને ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ખૂલ્લો મૂક્યો હતો. તેઓશ્રીએ કહ્યું કે શિક્ષણ અને મનોરંજનના ક્ષેત્રમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગે મહત્વનું યોગદાન આપ્યું છે. વિશેષમાં તેઓશ્રીએ કહ્યું કે હિન્દી તથા પ્રાદેશિક ફિલ્મોએ ભારતીય સંસ્કૃતિને દેશમાં તથા વિશ્વમાં ફેલાવી છે. આ પ્રસંગે સૂચના અને પ્રસારણમંત્રી સ્મૃતિ ઈરાની, રાજ્યમંત્રી રાજવર્ધન રાઠોડ, મંત્રાલય સચિવ એન. કે. સિંહા તથા ફિલ્મ ઉદ્યોગની ઘણી હસ્તિઓ ઉપસ્થિત હતી. દાદાસાહેબ ફાળકે એવોર્ડ સ્વ. વિનોદ ખન્નાને અર્પણ થયો હતો.

## ઉત્તર પ્રદેશમાં નકલી મદરેસાઓ દ્વારા સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લગાડ્યાનો પર્દાફાશ

ઉત્તર પ્રદેશની સરકારે બધી જ મદરેસાઓને તેમનું ઑનલાઈન રજીસ્ટ્રેશન કરવાની સૂચના આપી હતી. તેનો ઉદ્દેશ મદરેસાઓમાં પારદર્શક તથા સારી શિક્ષણ વ્યવસ્થાના નિર્માણનો હતો. જ્યારે સરકારે રજીસ્ટ્રેશનનો પરિપત્ર મદરેસાઓને મોકલ્યો ત્યારે ૧૪૦ મીની આઈટીઆઈમાંથી ૨૦ આઈટીઆઈએ તો તેમની જાણકારી જ આપી નહિ. તદ ઉપરાંત લગભગ ૨૩૦૦ મદરેસાઓએ તો પોતાનું પોર્ટલ મોકલ્યું જ નહિ. આ પરિસ્થિતિનું વિશ્લેષણ તથા પૃથક્કરણ કરતાં શિક્ષણ વિભાગના અધિકારીઓને નકલી મદરેસાઓ દ્વારા સરકારની તિજોરીમાંથી કરોડોની રકમ ઉચાપત થતી હોવાનું માલુમ પડ્યું છે. આ રકમ ૧૦૦ કરોડથી પણ વધુ હોવાનો અંદાજ છે.

## મુક્તિધામ (સ્મશાન)માં વૃક્ષોના લાકડાનો વિકલ્પ - 'મોક્ષકાષ્ટ'નો અનોખો પ્રયોગ

દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી પાર્થિવદેહના અગ્નિસંસ્કાર માટે લાકડાની અછત વર્તાય છે. આ અગ્નિસંસ્કાર માટે જરૂરી લાકડા મેળવવા વૃક્ષોનો નાશ થાય છે. પર્યાવરણની સમતુલા જોખમાય છે તથા ગ્લોબલ વોર્મિંગમાં વૃદ્ધિ થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે નાગપુર મ્યુનિસિપાલિટીએ એક અનોખો પ્રયોગ કર્યો છે અને 'મોક્ષકાષ્ટ' નામની બળી શકે તેવી ઇંટનું નિર્માણ કર્યું છે. હાલમાં નાગપુરના મુક્તિધામોમાં આ મોક્ષકાષ્ટનો જ ઉપયોગ થાય છે. નાગપુર કોર્પોરેશને શહેરમાંથી મળતો સૂક્કો કચરો, ગોબરમાં (છાણમાં) ભેળવી મોક્ષકાષ્ટની ઇંટ બનાવી છે. જેમાં અગરબત્તી કે ધૂપમાં વપરાતા સુગંધિત દ્રવ્યો પણ ઉમેરવામાં આવ્યા છે.

શબના અગ્નિસંસ્કાર વખતે જાણે કોઈ યજ્ઞ ન થતો હોય ? તેવા વાતાવરણનું નિર્માણ થાય છે. ગરીબ પરિવારોને નહીં નફો નહીં નુકસાનના ધોરણે આ કાષ્ટ પૂરું પાડવામાં આવે છે. બીજાઓને અમુક મહેનતાણું લઈ આ સેવા પૂરી પાડવામાં આવે છે. મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં પણ આ પ્રયોગની તૈયારી થઈ રહી છે. અંતિમ સંસ્કાર માટે આવતા પાર્થિવ દેહ માટે કેટલું 'મોક્ષકાષ્ટ' જોઈશે તેનો અંદાજ મેળવી કોર્પોરેશન આગોતરું આયોજન પણ કરે છે. લોકોમાં આ અગ્નિસંસ્કારની લાકડાના વિકલ્પની 'મોક્ષકાષ્ટ'ની પદ્ધતિ લોકપ્રિય તથા વ્યવહારું સાબિત થઈ છે.

## ઉત્તર પ્રદેશમાં લઘુમતિ હિન્દુઓના વિસ્તારમાં ગુંડા તત્વોનાં ભયથી પલાયન થયેલ હિન્દુઓ પરત ફર્યા.

કૈરાના ઉત્તર પ્રદેશના કસબાઓમાં માત્ર ૫ ટકા જ હિન્દુઓની વસ્તી છે. અહીં ગુંડાતત્વોએ ધાકધમકીથી હિન્દુઓના મકાનો તથા દુકાનો બંધ કરાવી હતી. હિન્દુઓને અહીંથી પલાયન થવું પડ્યું હતું. પરંતુ હવે પરિસ્થિતિ સુધરી છે. ઉત્તર પ્રદેશના બાહોશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશમાંથી ગુંડા તત્વોનું એનકાઉન્ટર કરવાનું શરૂ કરતાં આ વિસ્તારમાં પલાયન થયેલ હિન્દુઓ પરત આવ્યા છે. તેમણે પોતાના મકાનો તથા ધંધો-રાજગાર શરૂ કર્યા છે. અગાઉના વહીવટી પ્રસાસનમાં ઉત્તર પ્રદેશમાં જે ભય તથા આતંકનો માહોલ હતો તે દૂર થતાં અહીંની પ્રજાઓ સુખશાંતિથી ભાઈચારાથી રહેવા માંડી છે.

## ભારતીય રેલવેનો ઑનલાઈન ભરતીનો દુનિયાનો સૌથી મોટો પ્રયોગ દસ લાખ વૃક્ષો કપાતા અટકશે.

ભારતીય રેલવેએ હાલમાં આશરે ૯૦ હજાર પદ માટેની ભરતી પ્રક્રિયા શરૂ કરી છે. આ ભરતી માટે ઓનલાઈન પદ્ધતિનો ઉપયોગ થશે. જો આ પદ્ધતિને સ્થાને કાગળનો ઉપયોગ કર્યો હોત તો રેલવેને ૭.૫ કરોડ કાગળોની જરૂર પડત. આ માટે દસ લાખ વૃક્ષોનું વિચ્છેદન કરવું પડત. ભારતીય રેલવેએ વિશ્વમાં સૌથી મોટો આ ઑન લાઈન પ્રયોગ કર્યો છે. આ પ્રયોગની પ્રેરણાથી આયકર વિભાગે પણ ઈ-મેઈલનો ઉપયોગ કરી રૂ. ૯૭૭ કરોડની પોસ્ટેજ ખર્ચ બચત કરી છે. રેલવેના ભરતી અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ભરતીના પદોમાં ૬૨ હજાર ટ્રેક તપાસ તથા સુરક્ષાના પદો છે. જ્યારે ૨૬ જાર એન્જિન ડ્રાઈવર, અને ટેકનિશિયન છે. આ ૯૦ હજાર પદો માટે રેલવે પાસે ૨ કરોડથી પણ વધુ અરજીઓ ઓન લાઈનથી મળી છે. આ ભરતી પ્રક્રિયાની પરીક્ષા માટે દેશના ૩૦૦ સેન્ટરો સ્થાપિત થયા છે. વ્યક્તિદીઠ ૩ થી ૪ પેજની આ ઑનલાઈન પરીક્ષા રહેશે. ભારતીય રેલવે હવે હજારો યુવાનોને રેલ સેવામાં નોકરી આપશે. કાગળની બચતના આ પ્રયોગે વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ તથા પૃથ્વીને હરિયાળી બનવાવવાના અભિયાનમાં ભારતીય રેલવેનો આ પ્રયોગ શિક્ષણની પરીક્ષા પદ્ધતિમાં ઉત્તમ ઉદાહરણ તથા માર્ગદર્શક બની રહેશે.

## સાયન્સ સીટી અમદાવાદ ખાતે નેશનલ ટેકનોલોજી ડે ઉજવાયો

ગુજરાતમાં સાયન્સ સીટી અમદાવાદ વિજ્ઞાનક્ષેત્રમાં તથા સંશોધનમાં વિદ્યાર્થીઓ તથા વિજ્ઞાનના જિજ્ઞાસુઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તાજેતરમાં અહીં નેશનલ ટેકનોલોજી ડેની ઉજવણી થઈ હતી. તેમાં ટેકનોલોજીથી માનવીય જીવનધોરણમાં કયા કયા પ્રકારની અસરો થાય છે તેના સંદર્ભમાં નિષ્ણાતોનો વાર્તાલાપ તથા વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. ૧૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચના પ્રોફેસર સચીન શર્માએ ટેકનોલોજીની હકારાત્મક તથા નકારાત્મક અસરોની સુંદર છણાવટ કરી હતી. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે વિજ્ઞાની શોધો અને ટેકનોલોજીનું જ્ઞાન હંમેશા માનવ કલ્યાણ માટે જ હોય છે. પણ માનવીય સંવેદનાઓ તથા લાગણીઓ સાથે ચેડા કરતાં રોબર્ટ આપણા માટે ખતરો છે. લાગણીઓમાં કૃત્રિમતા ન આવે તેનું ધ્યાન રાખવું પડશે. જો આમ જ ચાલે તો મનુષ્યની કિંમત ઘટતી જશે. ઊંચા તાપમાન તથા હવાના ઓછા દબાણ અને આકાશમાં જ્યાં મનુષ્યનું અસ્તિત્વ જોખમાય છે ત્યાં રોબોટ્સ આપણા માટે આશીર્વાદ રૂપ છે. ઉદ્યોગક્ષેત્રમાં રોબોટ્સની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. આ નેશનલ ટેકનોલોજી ડેની ઉજવણીમાં મોટી સંખ્યામાં દર્શકો તથા શિક્ષકો ઉપસ્થિત હતા.

* * *